શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY



## ચેન્નાઈ

### ભારત માટે સ્કોલરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામ – ( ૧૬–૨૪ એપ્રિલ)

ભારત માટેના સ્કોલરશીપ ટ્રેનીગ પ્રોગ્રામના ઉદઘાટન તથા સમાપન બંને પ્રસંગોએ પૂ. માલિકે ઉપસ્થિત રહ્યા અને બંને સત્રમાં વાર્તાલાપ આપ્યો. ઉદઘાટન સમયે તેમણે કહ્યું કે ''સહજમાર્ગનું મૂળભુત તત્ત્વ પ્રાણાહુતિ છે. પ્રાણાહુતિ એક શિક્ષકની પ્રક્રિયા જે આપણને –પ્રાણસ્ય પ્રાણ આપે છે. તે ઉપરાંત, ગુરુની કૃપા અને શક્તિને આપણામાં સંચારિત કરવાની પ્રક્રિયા પણ આ જ છે. સમાપન પ્રસંગે તેમણે સાંભળવાની અને તેને આપણા જીવનમાં ઉતારવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો. માસ્ટરે અન્ય સંભાષણો પણ પોતાની કુટિરમાં સીસીટીવી પર નીહાળ્યા.

### બાબુજીનો મહાસમાધિ દિવસ : એપ્રિલ ૧૯, ૨૦૧૧

પૂ.માસ્ટર સવારે વહેલા જાગી ગયા અને નાસ્તો કર્યા પહેલાં તેમણે સિટિંગ આપીને નવા પ્રિસેપ્ટર્સ બનાવ્યા અને પછી ઈ–મેઈલ જોવામાં વ્યસ્ત રહ્યા. સવારનો સત્સંગ કરાવવાનું તેમણે કોઈ આયોજન કર્યું નહતું, પરંતુ આશ્રમમાં સમાચાર ફેલાઈ ગયા હતા કે પૂ.માસ્ટર સત્સંગ કરાવશે, તેથી તેઓ ખૂબ જ આશ્ચર્ય પામ્યા અને સત્સંગ કરાવવાનું નક્કી કર્યું. તેઓ મેડિટેશન કક્ષમાં પધાર્યા પણ ફૂલના હાર હજુ તૈયાર ન હોવાથી રાહ જોવાનું નક્કી કર્યું. ફૂલહાર આવ્યા ત્યાં સુધી લગભગ ૧૫ મિનિટ સુધી તેઓ મંચના પગથિયા પાસે જ બેસી રહ્યા અને તે પછી જ મંચ ઉપર જઈને તેમણે પૂ.લાલાજી તથા પૂ. બાબૂજીની છબીઓને હાર પહેરાવ્યા અને ત્યાર બાદ જ સત્સંગ કરાવ્યો.

### બાબુજી મહારાજનો જન્મોત્સવ :

એપ્રિલ ૨૯ થી મે ૧ સુધી ત્રણ દિવસનો ઉત્સવ રાખવામાં આવ્યો હતો, જેમાં સવારે ૯.૩૦ તથા સાંજે ૫ વાગ્યે સત્સંગ થશે, તેવી જાહેરાત થઈ હતી. લગભગ ૪૦૦૦ અભ્યાસીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. માસ્ટરે ત્રણેય દિવસ સવારનો સત્સંગ કરાવ્યો હતો. દરેક ધ્યાનની બેઠક લગભગ ૧ કલાક અને ૧૫ મિનિટની રહી હતી અને છેલ્લે ૧ મે ની સવારે ધ્યાનની બેઠક ૧ કલાક અને ૨૫ મિનિટ હતી.

શુકનવંતા ૩૦ એપ્રિલનાં દિવસે માસ્ટરે આઠ લગ્ન કરાવ્યા. ત્યાર બાદ બે બહેનો દ્વારા ભજન ગાવામાં આવ્યા હતા. માસ્ટરે કેટલાંક પુસ્તકોનું તથા ઓડિયો– વિડિયો સી.ડી.નું વિમોચન કર્યું. તેઓના પૌત્ર ભાર્ગવે મર્યાદિત ફોટાઓનાં સંકલન માટે આગોતરી નોંધણીની જાહેરાત કરી, જે ૨૪ જુલાઈના ઉત્સવ પ્રસંગે ઉપલબ્ધ થઈ શકશે. પૂ.માસ્ટર આ ફોટાઓનું પ્રદર્શન નીહાળવા ગયા કે જે ગઝીબોમાં રાખવામાં આવ્યું હયું. તેમની આ આશ્રમમની સફરમાં ઝરમર વરસાદે તેમને સાથ આપ્યો.

સાંજે ૬.૩૦ વાગ્યે હૈદરાબાદ કેંદ્રનાં અભ્યાસીઓ દ્વારા સુંદર નાટકની રજૂઆત થઈ. જેમાં સાધના પથમાં વિઘ્નો જેવાં કે શંકા, પૂર્વાગ્રહ, ભય, ક્રોધ, આળસને પાર કરવામાં ઉચ્ચ ગુણો જેવાં કે શ્રધ્ધા, પ્રેમ, ધીરજ, શિસ્ત અને ઈચ્છાશકિત કેવી રીતે મદદરૂપ થાય તેની રજૂઆત થઈ. ધ્યાનકક્ષમાં અધ્યાત્મિકસભર સુંદર વાતાવરણમાં તે ભજવાયું. દરેકના હૃદયને તે સ્પર્શી ગયું. પછીથી બધા ભાગ લેનારાઓને માસ્ટર કુટિરમાં મળ્યા.

૧ લી મેની સાંજે ચેન્નાઈનાં યુવાઓ દ્વારા બુધ્ધનાં જીવન ઉપર નાટક રજૂ થયું, જેને માસ્ટરે સીસીટીવી ઉપર માણ્યું. ૧લી મે ની સાંજે ત્રણ દિવસનાં ઉત્સવનું સમાપન થયું પરંતુ માસ્ટર દ્વારા જે આધ્યાત્મિક કાર્ય થયું તે તો દરેકનાં હૃદયમાં ચોકક્સ સ્થાયી થઈ વિકસશે. માસ્ટર ૩ જી મેના રોજ બેંગલોર જતાં પહેલાં એક દિવસ માટે ગાયત્રી ગયા.






વર્ષ ૪, અંક ૪ જુલાઈ ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## અદીઝેસ સંમેલન

બેંગલોર, ૩જી થી ૪ થી મે ૨૦૧૧



છેલ્લા ત્રીસ વર્ષથી મિશનનો કૂદકે ને ભૂસકે વિકાસ થઈ રહ્યો છે. પૂ.માસ્ટરે મિશનના સંસ્થાકિય માળખાની પુન:રચનાની શરૂઆત કરી, કે જેથી સહજ માર્ગ પધ્ધતિ અને શિક્ષણની મૌલિક પવિત્રતા જળવાઈ રહે અને તેની સેવા અસરકારક રીતે સતત ચાલુ રહે.

ડૉ. આઈઝેક અદીઝેસ કે જેઓ વિશ્વના અગ્રગણ્ય વહિવટી વિચારકોમાંના એક છે, તેમની પૂ.માસ્ટરે મિશનનું માળખું ફરીથી ગોઠવવા માટે નિમણૂંક કરી છે. પરમધામમાં ડૉ.અદીઝેસ અને પૂ.માસ્ટરે કરેલી વિશદ ચર્ચા વિચારણાને અંતે ૨૫ વ્યક્તિઓના સમૂહને સહજ માર્ગની વિવિધ પ્રવૃત્તિઓની સારસંભાળ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું.

અદીઝેસની કાર્યપધ્ધતિ સ્વીકારવામાં આવી અને શ્રી રામચંદ્ર મિશન અને તેની સંલગ્ન સંસ્થાઓના ભવિષ્યના માળખાની પુન:રચના માટે અપનાવવામાં આવી છે:

➢આકાંક્ષીઓને આપવામાં આવતો આધ્યાત્મિક ટેકો વધુ સુદ્રઢ કરવો,

➢સંસ્થામાં અપાતી સેવાની ભાવનાને જાળવી રાખવી,

➢સ્વચ્છ વહિવટી માળખું ઘડવું કે જેથી આધ્યાત્મિક હેતુ અવરોધાય નહીં,

➢પૂ.માસ્ટર ઉપર વધી રહેલો વહિવટી બોજો હળવો કરવો.

### આ ચર્ચા ત્રણ મુખ્ય તારણો પર દોરી જાય છે :

વહિવટી સંરચના એવી ગોઠવવી કે જેથી સહજ માર્ગને ભવિષ્યમાં આગળ લઈ જઈ શકાય અને વૈશ્વિક ધોરણે સેવા કરનારી ટીમની નિમણૂંક કરવી કે જે પૂ.માસ્ટરને તેમના મિશન પ્રત્યેના કાર્યમાં સહકાર આપે.

સહજ માર્ગ સેવાનું માળખું તૈયાર કરવામાં આવ્યું કે જેમાં ચર્ચાના મુખ્ય તારણો સમાવવામાં આવ્યા અને તેમાં પૂ.માસ્ટર અને સહભાગીઓએ સહી કરી.

પ્રેમ અને સેવાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરતાં પૂ.માસ્ટરે કહ્યું, "પ્રેમ એ આપણું સૂત્ર છે, તે આપણી પ્રવૃત્તિ છે અને તે આપણી પ્રાર્થના છે!" સેવા માટે તેમણે કહ્યું, "આપણી મુક્તિ સ્વાર્થરહિત સેવા દ્વારા જ શક્ય છે!"

આ જૂથ (ટીમ) પૂ.માસ્ટરના માર્ગદર્શન અને નિર્દેશન હેઠળ મિશનના અને તેની સંલગ્ન વૈશ્વિક સંસ્થાઓના યોગ્ય વહીવટ માટે જવાબદાર રહેશે.

## બેંગલોર

બપોરે ૨.૧૫ કલાકે નેત્રમપલ્લીથી રવાના થઈ સાંજે ૫ વાગે પૂ.માસ્ટર ક્રેસ્ટ, બેંગલોર ખાતે પહોંચ્યા. પ્રસાદ અર્પણ કરી તેમણે થોડો આરામ કર્યો અને પછી તરત જ ગોલ્ફકાર્ટમાં બેસીને તેમણે નવા બંધાઈ રહેલા વિદ્યાપીઠના મકાનના બાંધકામનું નિરીક્ષણ કર્યું. તે પછી તેમણે સત્સંગ કરાવ્યો.

બીજા દિવસે સવારે સત્સંગ બાદ પૂ.માસ્ટર ગોલ્ફકાર્ટમાં બેસીને આંટો મારવા નીકળ્યા અને રસ્તામાં કતારબંધ ઊભેલા અભ્યાસીઓ સાથે વાતચીત કરી. તેમણે અભ્યાસીઓ સાથે વાર્તાલાપમાં, ધીરજપૂર્વક એક કલાક પસાર કર્યો. થોડીવાર પછી તેઓ શહેર તરફ રવાના થયા. પરમધામ આશ્રમ ખાતે ૫મી તારીખથી શરૂ થતા અદીઝેસ સેમિનાર માટેની વ્યવસ્થાનું તેમણે નિરીક્ષણ કર્યું. તેમણે કાર્યની ગુણવત્તાના વખાણ કર્યા અને તેઓ બધી વ્યવસ્થા પ્રત્યે ખુશ હતા.



### વૈશ્વિક સેવા માટેની ટીમ

| | |
|---|---|
| પી.આર.ક્રિષ્ના | સ્પીરીચ્યુઅલ પ્રોગ્રામ ડેવલપમેન્ટ |
| સંજય ભાટિયા | પ્રેસીડેન્ટ, લાલાજી મેમોરિયલ એજ્યુકેશનલ સોસાયટી |
| સંતોષ શ્રીનિવાસન | સ્પીરીચ્યુઅલ ટ્રેનીંગ ડિલીવરી |
| રિષભ કોઠારી | મેમ્બર સર્વિસીઝ |
| ચક સીપ્રસાદ | કન્ટીન્યુઅસ ઈમ્પ્રુવમેન્ટ |
| રાજેન્દ્રસિંહ રાઠોડ | સ્પીરીચ્યુઅલ સર્વિસ, ભારત |
| પોલ એમ. જ્યુલ | સ્પીરીચ્યુઅલ સર્વિસ, પશ્ચિમ |
| નીતિન ગોવીલા | સ્પીરીચ્યુઅલ સર્વિસ, પૂર્વ |
| વિલીયમ વેકોટ | સ્પીરીચ્યુઅલ સર્વિસ, અમેરિકા |
| એન.એસ.નાગરાજા | સ્પીરીચ્યુઅલ સર્વિસ, સીઆઈએસ |
| શરત હેગડે | કોમ્યુનીટી ડેવલપમેન્ટ |
| સુધીર મારવાહ | ગ્લોબલ ફિક્સ્ડ એસેટ્સ ડેવલપમેન્ટ |
| સંતોષ કાનજી | ગ્લોબલ ઓપરેશન્સ સપોર્ટ |
| કમલેશ પટેલ | ઑમબડ્ઝમેન |

વર્ષ ૪, અંક ૪ જુલાઈ ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર


ઈરોડ


માલમપુઝા

## તામિલનાડુમાં પ્રવાસ દરમિયાન

પૂ.માસ્ટર ૧૪મી મેના રોજ બેંગ્લોરથી કૃષ્ણગીરી આશ્રમ પહોંચ્યા. તેમણે બેંગ્લોર અને તેની આસપાસનાં સેન્ટરોમાંથી આવેલા અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો. માસ્ટર ખૂબ ખુશમિજાજમાં હતા અને સત્સંગ પછી તેમણે કેટલાંક અભ્યાસીઓ સાથે હળવો વિનોદ કર્યો. તે પછી તેઓ ઈરોડ જવા રવાના થયા.

બપોરે ૧૨.૩૦ વાગે માસ્ટર ઈરોડ પહોંચ્યા. તેઓ મુસાફરીથી થાક્યા હોવા છતાં અભ્યાસીઓને જોતાં આનંદ અને ખુશમિજાજમાં આવી ગયા. તેમણે થોડો સમય આરામ કર્યો અને પછી સાંજે ૪ વાગે ભોજનકક્ષનું ઉદઘાટન કર્યું અને ત્યાર બાદ એકત્રિત થયેલાં લગભગ ૧૦૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો. જે અભ્યાસીઓના બાળકોએ આ વર્ષે ધોરણ ૧૨ની પરીક્ષા આપી હતી, તેમને અભ્યાસ શરૂ કરવા અને સત્સંગમાં બેસવાની પરવાનગી માસ્ટરે આપી હતી. ત્યાર બાદ તેમણે સેન્ટર-ઈન-ચાર્જ અને પ્રશિક્ષકો સાથે આશ્રમના વિકાસ માટેની ચર્ચા કરી. ઈરોડથી વાહનોનો કાફલો તિરુપુરના ડી.જે પાર્ક તરફ આગળ વધ્યો અને સાંજે લગભગ ૬ વાગે ત્યાં પહોંચ્યો.

બાળકો માટે શિક્ષણ, એ વિકસિત થતા છોડને માટે પાણી જેવું છે.

સૂર્યપ્રકાશ – ડહાપણ – દ્વારા છોડનો સંપૂર્ણપણે વિકાસ થાય છે કે જેથી તે ખીલી શકે અને તેની સુગંધ ફેલાવી શકે.

તે સૂર્ય એટલે જ પ્રેમ !

૧૫મીની સવારે માસ્ટરે જન્મદિવસની ઉજવણી માટેના હંગામી ધ્યાનખંડના બાંધકામનું ઉદઘાટન કર્યું. સવારે ૬.૪૦ કલાકે તેમણે નવી ડોરમેટરિનું ઉદઘાટન કર્યું. તે વિશાળ મકાનમાં તેમણે લટાર મારી અને ઉદઘાટન માટે તૈયાર કરવામાં આવેલા બાબુજી મહારાજના વિશાળ કદના ચિત્રની પ્રસંશા કરી. આપણે સત્સંગ માટે વહેલા તૈયાર રહેવું જોઈએ, એવું બધાને ફરીથી યાદ કરાવીને સવારે ૭ વાગે તેમણે સત્સંગ કરાવ્યો. તેમણે પછી ડૉરમેટરિનું નામ અમૈથિ નિલયમ'' (શાંતિનું રહેઠાણ) આપ્યું. આ પ્રસંગે કેરાલામાંથી આવેલા લગભગ ૬૦૦ અભ્યાસીઓ સહિત ૩૦૦૦થી પણ વધારે અભ્યાસીઓ હાજર હતા.

ત્યાર પછી, થોડા વિશ્રામ બાદ તેઓ ખૂબ જ ખુશ મિજાજમાં હતા અને તેમણે આજુબાજુના કેન્દ્રોની મુલાકાત લેવાનું આયોજન કર્યું. જે બાળકો ચેન્નાઈની લાલાજી મેમોરીયલ ઑમેગા આંતરાષ્ટ્રીય શાળામાંથી પાસ થઈને વિદાય લેવાના હતા, તેમના માટે તેમણે એક સંદેશો લખ્યો, જે તેમના સૂવેનીયરમાં પ્રકાશિત થવાનો હતો. માસ્ટર ખૂબ જ આપવાના મિજાજમાં હતા અને આ ઉંમરે પોતાની વ્યક્તિગત જરૂરીયાતો અને તંદુરસ્તીની પરવા કર્યા વિના તેમને આટલા પ્રેમથી અને સ્વાર્થ રહિત કામ કરતા અને ચર્ચા કરતા નિહાળવા, એ મંત્રમુગ્ધ કરનારું હતું.

સાંજે, જુલાઈ ઉત્સવની તૈયારીઓ માટે ચાલી રહેલા કાર્યને નિહાળવા માટે માસ્ટર ડી.જે પાર્ક તરફ જવા નીકળ્યા. તેમણે આરામ ડૉર્મ નિહાળ્યો અને જ્યાં નવું મેડિકલ સેન્ટર બનવાનું છે, તે જગ્યાની મુલાકાત લીધી. મેડિકલ સેન્ટરનો નકશો માસ્ટરને બતાવવામાં આવ્યો, જે તેમણે "તે મારી પાસે ભલે રહ્યો'' કહીને ખુશીથી સ્વીકારી લીધો. ત્યાર બાદ તેમણે સાંજે ૫.૩૦ વાગે ત્રીસ મિનીટથી પણ વધારે સમયથી શાંતિથી રાહ જોઈ રહેલા અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો, વાતાવરણ ખૂબ જ ગહન અને આત્મસાત કરાવનારું હતું.

૧૬મીની સવારે ૭ વાગે માસ્ટર માલમપુઝા રિટ્રીટ સેન્ટર જવા રવાના થયા. તેમણે કુટીરના નવા ઉમેરાયેલા ભાગનું ઉદઘાટન કર્યું, પછી નાસ્તો કર્યો, અભ્યાસીઓ સાથે લંબાણપૂર્વક ચર્ચા કરી અને ત્યાર બાદ પ્રતિક્ષા કરતા લગભગ ૫૦૦ જેટલા અભ્યાસીઓના સમૂહને સત્સંગ કરાવ્યો. બપોરે ૧૨.૪૫ વાગે તેઓ કોઈમ્બતોર જવા રવાના થયા.

તેઓ નચીપલાયમ આશ્રમ પહોંચ્યા, મોડેથી ભોજન લીધું અને થોડો સમય વિશ્રામ કર્યો. એકત્રિત થયેલા લગભગ ૬૦૦ અભ્યાસીઓને ૪ વાગે સત્સંગ કરાવીને માસ્ટર રાત્રે ૮.૩૦ કલાકે તિરુપુર ડી.જે પાર્ક પાછા ફર્યા.


તિરુપુર


કાન્ગેયમ


ડિંડીગુલ


ત્રિચી

૧૭મીએ બપોરે માસ્ટરે કાન્ગેયમની મુલાકાત લીધી, જે તિરુપુરથી લગભગ ૩૦ કિ.મી. દૂર આવેલું છે. જ્યારે માસ્ટરે કુટીર અને નવા ધ્યાન ખંડનું ઉદ્‌ઘાટનું કર્યું, ત્યારે આ નાના આશ્રમમાં મોટી સંખ્યામાં પ્રેમાળ હૈયાં હાજર હતાં. પૂ.માસ્ટરે બેઠક ગ્રહણ કર્યા પછી અભ્યાસીઓ હોલમાં દાખલ થયા. સંપૂર્ણ સભા ખૂબ શાંત હતી અને માસ્ટરે અભ્યાસીઓને તમિલમાં પૂછ્યું, "આ નિરવ શાંતિનું કારણ શું છે?" થોડી ક્ષણો બાદ માસ્ટરે પોતેજ જવાબ આપ્યો, "આનો અર્થ છે, થોડી ઘણી પ્રગતિ થઈ છે." સાંજે ૪.૩૦ વાગે માસ્ટરે હાજર રહેલા લગભગ ૧૭૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો અને સાંજે ૬.૩૦ વાગે તેઓ ડી.જે. પાર્ક પાછા ફર્યા.

૧૮મીની સવારે, ડી.જે. પાર્કથી નીકળીને માસ્ટર ૮.૩૦ વાગે ડિંડીગુલ આશ્રમ પહોંચ્યાં. તેમણે ધ્યાનખંડનું ઉદ્‌ઘાટન કર્યું અને તેને દયા આશ્રમ નામ આપ્યું. નાસ્તા બાદ, આ ઉદ્‌ઘાટન પ્રસંગે એકત્રિત થયેલ ૨૫૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો.

સવારે ૧૧.૦૦ કલાકે માસ્ટરે ત્રિચી જવા માટે ડિંડીગુલ છોડ્યું અને જેવી માસ્ટરની કાર ચાલવાની શરૂ થઈ તેવું જ એક અભ્યાસીએ માસ્ટરને યાદ દેવડાવ્યું કે તેમણે સીટ-બેલ્ટ પહેરવો જોઈએ. માસ્ટરે પ્રસન્ન થઈને કહ્યું, "તમને સૌને જોઈને હું સીટ-બેલ્ટ બાંધવાનું જ ભૂલી ગયો." માસ્ટરના શબ્દોએ અભ્યાસીઓને વધારે આનંદિત અને હળવા કરી દીધા.

માસ્ટર બપોરે ૧.૦૦ કલાકે ત્રિચી પહોંચી ગયા. થકવી દેનારી મુસાફરી બાદ, તેમણે થોડો સમય આરામ કર્યો અને વહીવટી બાબતોને હાથ ઉપર લીધી. સાંજના સમયે ક્યારેક તેઓ ખુલ્લામાં ચલચિત્ર જોતા. રવિવારે તેમણે સત્સંગ માટે આશ્રમની મુલાકાત લીધી. એક અભ્યાસી એક પ્રસંગ વર્ણવી રહ્યા હતા કે તેમની પ્રાર્થનાને માસ્ટર દ્વારા કેવો ચમત્કારિક પ્રતિસાદ મળ્યો હતો. માસ્ટરે કહ્યું, "કોણ પ્રાર્થના કરે છે તેનાથી નહીં, પણ પ્રાર્થના કેવી નિષ્ઠાથી થાય છે, તે મહત્ત્વનું હોય છે." બાળકોએ સત્સંગ બાદ એક ટૂંકો કાર્યક્રમ રજૂ કર્યો. ૨૩મીએ સવારે ૧૧ વાગ્યાના પ્લેનમાં માસ્ટર ચેન્નાઈ જવા નીકળ્યા.

## સતખોલમાં ઑમેગાથી આવેલા બાળકો સાથે

માસ્ટરનું દિલ્હીમાં ૨૭મી મેના રોજ આગમન થયું. લાલાજી મેમોરીયલ ઑમેગા આંતરરાષ્ટ્રીય શાળાના ધોરણ ૧૨માંથી ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓની પ્રથમ બેચને માસ્ટર સાથે સતખોલ સુધી પ્રવાસ કરવાની તક મળી હતી. જે વિદ્યાર્થીઓ આ નાનકડી સફર માટે આવ્યા હતા, તેઓ ૨૮મી મેના રોજ આર.કે.પુરમ આશ્રમ પર પહોંચી ગયા. માસ્ટરે દિલ્હી આશ્રમ માટે દરખાસ્ત થયેલી જમીનની મુલાકાત પણ લીધી.

પછીના દિવસે, રવિવારે, વિદ્યાર્થીઓએ ગુરગાંવ આશ્રમ ખાતે માસ્ટરે કરાવેલા સત્સંગમાં હાજરી આપી. સત્સંગ બાદ, અભ્યાસીઓએ તેમના સ્નેહના પ્રતિકરૂપે વિદ્યાર્થીઓને નાની ખિસ્સા ડાયરી અને પેન ભેટ આપ્યા. પછી, તે સાંજે, માસ્ટરે વિદ્યાર્થીઓને મળવા આર.કે.પુરમ આશ્રમની અચાનક મુલાકાત લીધી અને તેમને સત્સંગ કરાવ્યો.

માસ્ટરે ૩૦મી મેના રોજ સવારે આશરે ૭ વાગે મોરાદાબાદ જવા પ્રસ્થાન કર્યું અને ૧૧ વાગે ત્યાં પહોંચી ગયા. વિદ્યાર્થીઓ મોરાદાબાદ તેમના કરતા મોડા પહોંચ્યા. માસ્ટર તેમના આવવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. વિદ્યાર્થીઓ જેવા આવ્યા, તેવાજ માસ્ટર તેમના ખંડમાંથી બહાર આવ્યા અને તેમને આવકાર્યા. તે પછી જ તેમણે બપોરનું ભોજન લીધું અને વિશ્રામ કર્યો.

માસ્ટર રુદ્રપુર જવા આશરે બપોરે ૩ વાગે નીકળ્યા અને ત્યાં સાંજે ૬.૪૫ વાગે પહોંચ્યા. સવારે ૯ વાગે તેમણે સિટીંગ આપી. જ્યાં વિદ્યાર્થીઓને એક ગોદામમાં ભોજન પીરસાતું હતું, ત્યાં તેમણે વિદ્યાર્થીઓ સાથે ભોજન લેવાનું નક્કી કર્યું. તેમણે વિદ્યાર્થીઓ સાથે વાતચીતમાં સમય વ્યતિત કર્યો. એક ભાઈએ પૂછ્યું કે "આધ્યાત્મિક અને ભૌતિક કાર્યનો તફાવત કેવી રીતે કરવો." માસ્ટરે જવાબ આપ્યો કે "કાર્ય એ કાર્ય હોય છે. તેને આધ્યાત્મિક અને ભૌતિક એમ અલગ પાડી શકાય નહીં. જેમ કે બાથરૂમની સફાઈ, જો તેને કરવી જરૂરી હોય, તો તેને કરવી જ પડે." પછી તેમણે કહ્યું કે "આપણે ચતુષ્કોણની ચાર બાજુઓની જેમ ચોતરફથી આવતા દબાણથી ઘેરાયેલા છીએ. આ દબાણ છે, કુટુમ્બ, સમાજ, ધર્મ અને ઈચ્છાઓ. દબાણ ચારે બાજુથી આવે છે અને આપણે


દિલ્હી


મોરાદાબાદ


રુદ્રપુર



સતખોલ

વચ્ચે સપડાઈ ગયા હોઈએ છીએ. આપણે જેમ જેમ આ દબાણથી દૂર થવા માંડીશું, તેમ તેમ આપણે મુક્ત થતાં જઈશું.'' તે પછી તેઓ તેમના રૂમમાં વિશ્રામ કરવા માટે ગયા.

## સતખોલ

૧લી જૂને સવારે સાત વાગે માસ્ટરે સત્સંગ કરાવ્યો અને પછી દસ વાગે તેઓ સતખોલ જવા રવાના થયા અને બપોરે ત્યાં પહોંચી ગયા. હવામાન મનોહર અને સ્વચ્છ હતું. સાંજે માસ્ટર અભ્યાસીઓ સાથે બહાર બેઠા અને તેમના પ્રશ્નોના જવાબ આપ્યા. તેમણે કહ્યું કે ''આ દુનિયા કંઈ મોજમજા માટે નથી. આપણને પાંચ ઈન્દ્રિયો આપવામાં આવી છે કે જેથી તેના ઉપયોગ વડે આપણે કંઈ શીખીએ, માહિતી પ્રાપ્ત કરીએ. પણ તે કરવાને બદલે આપણે તેનો ઉપયોગ મોજમજા માટે કરીએ છીએ. ઈશ્વરે આપણને માર્ગ બતાવવા બુદ્ધિ આપી છે અને સંકલ્પશક્તિ માટે આપણને હૃદય આપ્યું છે કે જેથી આપણે સાચી દિશામાં જઈ શકીએ.''

લગભગ દરરોજ તેઓ વિદ્યાર્થીઓ સાથે બેસતા, તેમની સાથે વાતો કરતા, રમૂજ કરતા. પણ સાથે સાથે, તેઓ તેમને એવી આધ્યાત્મિક પ્રેરણા આપતા કે વિદ્યાર્થીઓનું હૃદય પીગળી જતું.

ઓમેગા સ્કૂલના વિદ્યાર્થીઓને એક યાદગીરીના પ્રતીકરૂપે જે આપવામાં આવ્યું હતું, તેના પર લખાણ હતું: ''ફ્રોમ ઓમેગા, વીથ લવ (ઓમેગા તરફથી સપ્રેમ).'' તેમાં સીડી સાથે, એક નાનું પુસ્તક હતું અને માસ્ટરના હસ્તાક્ષરમાં સંદેશ હતો. પ્રવાસના અંતિમ દિવસે માસ્ટરે વિદ્યાર્થીઓને કહ્યું, "બીજાંઓ તમને જે કંઈ કહે, પણ તેનાથી તમારું મૂલ્ય ન આંકતા. બીજાઓને તમારું દર્પણ ન બનાવતા. હું જે છું, તે હું છું અને મારે જે બનવાનું છે, તે જ મારે બનવાનું છે. સહજમાર્ગ એ આપણે જે છીએ, ત્યાંથી આપણે જે બનવાનું છે, ત્યાં સુધીની યાત્રા છે."

ચોથીએ બપોરે માસ્ટર રુદ્રપુર જવા નીકળ્યા. રસ્તામાં વચ્ચે થોડા સમય માટે તેઓ હલદ્વાની આશ્રમ ખાતે રોકાયા. પાંચમીએ સવારે માસ્ટરે સવારનો સત્સંગ કરાવ્યો અને પછી તેઓ મોરાદાબાદ જવા નીકળ્યા. ત્યાં તેમણે રાત્રિરોકાણ કર્યું. છઠ્ઠીએ સવારે મેડિટેશન અને નાસ્તા પછી, તેઓ દિલ્હી જવા રવાના થયા અને બપોરે સાડા બારે ત્યાં પહોંચી ગયા અને પોતાનો પ્રવાસ સમાપ્ત કર્યો.

## સિંગાપોર

૧૬મી જૂને રાત્રે પૂ.માસ્ટર સિંગાપોર પહોંચ્યા. તેઓ ભાઈ નીતીન ગોવિલાના ઘરે રોકાયા હતા. જગ્યાની મર્યાદાને કારણે સત્સંગ બે ભાગમાં વહેંચવામાં આવ્યું હતું; સવારે પરદેશી અભ્યાસીઓ માટે અને સાંજે સ્થાનિક અભ્યાસીઓ માટે. બે સત્સંગની વચ્ચે અભ્યાસીઓ એકબીજા સાથે મળતાં અને સાથે મળીને માસ્ટરની રાહ જોતા. મોટાભાગનાં સત્સંગ પૂ.માસ્ટરે જ કરાવ્યાં. રવિવાર, ૧૯મીના રોજ, પૂ.માસ્ટરનું સ્વાગત કરવા માટે, બધાં જ અભ્યાસીઓ સિંગાપોર મેડિટેશન સેન્ટર પર એકઠા થયાં. સત્સંગ પછી, તેમણે ત્યાં હાજર રહેલાં સૌનું અભિવાદન પ્રેમથી સ્વીકાર્યું, અને એક કતારમાં ઊભા રહેલા લોકો પાસેથી, ધીમે ધીમે ચાલતા ચાલતા, કેટલાંકની સાથે વાતો કરી, કેટલાંકને સ્મિત આપ્યું, તો કેટલાંકનો ખભો થાબડ્યો અને બાળકોને વિશેષ આશીર્વાદ આપ્યા. તેઓ અતિશય મૃદુ, તેજસ્વી જણાયા. તે જાણે એવું હતું કે એક સળગતી મશાલ ફરતી હતી અને દરેક હૃદયને સ્પર્શીને તેને પ્રજ્જવલિત કરતી હતી. પછી તેઓ મોડેથી આધુનિક સિંગાપોરની બેનમૂન કૃતિ જેવા મરીના બે સેન્ડ્ઝ તરફ એક ટૂંકી 'ડ્રાઈવ' લેવા ગયા.

સોમવારે સાંજે, પૂ.માસ્ટરે પ્રશિક્ષકોને સિટિંગ આપી અને હાજર રહેલા અભ્યાસીઓ સમક્ષ ૩૦ મિનીટનું વક્તવ્ય આપ્યું. તેમની આ અનૌપચારિક વાતચીતના કેટલાંક અંશ:

- જ્યારે કોઈએ બાબુજી મહારાજને પૂછ્યું, કે ''તમે ધનાઢ્ય થવાના વિરોધમાં છો?'' બાબુજી મહારાજે કહ્યું, કે ''ના, હું તેના વિરોધમાં નથી. પૈસા કમાવવામાં તમારી વિશેષ આવડતનો ઉપયોગ કરવાનો સવાલ છે, પણ નદીની જેમ, પૈસો વહેવો જોઈએ. તમારે જેટલું જોઈએ, તેટલું લઈને બાકીનું આપવું જોઈએ.''
- આમ સહજ માર્ગનો સાર છે, સંતુલન – જીવનમાં ગુણવત્તા ઉમેરવી, મૂલ્યો ઉમેરવા, માલિકીપણું નહીં પરંતુ કંઈક બનવું.
- શિસ્ત પ્રેમથી આવવું જોઈએ. સહજ માર્ગની ખાસિયત એ છે કે ધ્યાન દ્વારા, આપણાં હૃદયમાં ગુરુજી માટે પ્રેમનું સર્જન થાય છે, તે વિકસે છે અને તે પ્રેમ દ્વારા આપણામાં શિસ્ત આવવી જોઈએ.
- દરેક છોડવું તેની ગતિથી વિકસતું હોય છે. તમે એવું ન કહી શકો કે બધાં એકસાથે વિકસી જાય. પાણીમાં પૂર આવે, ત્યારે જ તેની સપાટી એકસમાન રીતે ઊંચી આવે છે પણ ત્યારે તે ઘાતક હોય છે. દરેક વસ્તુ તેની મેળે જ વિકસવી જોઈએ. આપણે કોઈને દબાણથી પ્રેમ ન કરી શકીએ.

૨૨મીએ બપોરે પૂ.માસ્ટર મલેશિયન આશ્રમના ઉદઘાટન માટે તેમજ એશિયન સેમિનાર માટે મલેશિયા જવા નીકળ્યા.



LMOIS ના વિદ્યાર્થીઓ સાથે સતખોલમાં




સિંગાપોર

# ૨૪મી જુલાઈના ઉત્સવની તૈયારીઓ

## સહજમાર્ગમાં ભંડારાઓનું રહસ્ય

માસ્ટર આપણને તેમના સહજમાર્ગના પ્રારંભના દિવસોની વારંવાર યાદ દેવડાવે છે કે જ્યારે ભંડારામાં શાહજહાંનપુરમાં આવેલા બાબુજી મહારાજના સાધારણ નિવાસસ્થાને ત્રીસ જેટલા અભ્યાસીઓ ભાગ લેતા હતા. હવે ડાયમન્ડ જ્યુબીલી પાર્ક, તિરુપુર જેવી જગ્યાએ ભાગ લેનારાઓની સંખ્યા પચાસ હજાર અભ્યાસીઓ સુધી પહોંચી ગઈ છે. આ આપણા ગુરુજીઓના પ્રચંડ કાર્યનું સૂચક છે, જે હવે દેખીતી રીતે પ્રગટ થવાનું શરૂ થયું છે.

માસ્ટરે તેમના ૨૪મી જૂલાઈ, ૨૦૦૬ના રોજ રાયપુર ખાતે આપેલા વકતવ્યમાં આપણને ભંડારાના આધ્યાત્મિક હેતુઓ વિષે માહિતી આપી હતી અને નિમ્નલિખિત મુદ્દાઓ પ્રસ્થાપિત કર્યા હતા.

➢તેમાં ઉજવણીનું તત્ત્વ રહેલું હોવા છતાં તે ઉત્સવ નથી. તે મોજમસ્તી માટે નથી પણ તે આંતરિક હાલત માટે છે કે જે હાલત આવા પ્રસંગોએ આવા અદભુત આધ્યાત્મિક કૃપાસભર પ્રસંગોએ સર્જાતી હોય છે, જેને માણવાની પરવાનગી છે. સંક્ષિપ્તમાં તેનો અર્થ છે કે આપણે દરેકે જે કંઈપણ સમય અહીં સાથે વીતાવવાનો છે, તે દરમિયાન એ મહાન માસ્ટરના સ્મરણમાં સંપૂર્ણપણે ડૂબી જઈને, આવા પ્રસંગોને આપણી અધ્યાત્મિક ઉન્નતિ માટે ઉપયોગમાં લેવા જોઈએ.

➢જો આપણે આ ધ્યેય, હેતુ, લક્ષ્યથી દૂર જઈએ, તો તેનો માત્ર એ જ મતલબ હશે કે આપણે આપણા સમયની પૂંજીને વેડફી રહ્યા છીએ, બિનજરૂરી લક્ષ્યપ્રાપ્તિની છોકરમતમાં નકામી ગણી ફેંકી દઈ રહ્યા છીએ. મને પણ સમોસા ભાવે છે, પણ જ્યારે પ્રવચનો ચાલુ હોય, ત્યારે સમોસા ખતમ થઈ જશે તે ડરથી કેન્ટીનમાં ટોળે વળવું જોઈએ નહીં.

➢તમારા ધ્યાનના સમય દરમિયાન, તલ્લીન એકાગ્રતા કે જેની અહીં આવશ્યકતા છે, (જ્યારે તમે આપણા ભાઈઓ અને બહેનો આપતા હોય છે, તે પ્રવચનો કે અદભુત સંગીત સાંભળી રહ્યા હો,) ત્યારે આપણો આત્મા નાચી ઉઠવો જોઈએ, શરીર નહીં.

➢ભજન આપણી અંદર અમુક પ્રકારની પ્રેમની, ભક્તિની લાગણી જગાડવા માટે છે અને જો આપણે તલ્લીન થઈને ધ્યાનથી સાંભળીએ, તો આપણી ઉપર કૃપા વરસાવવા સક્ષમ છે.

➢બીજા અન્ય સંદેશામાં, બાબુજી મહારાજ કહે છે કે જ્યાં આનંદ નથી, ત્યાં આધ્યાત્મિકતા નથી. પણ, આનંદ પ્રગટ થવો જોઈએ નહીં, તે હૃદયમાં જ રહેવો જોઈએ, આંતરિક આનંદ, આત્માનો આંતરિક ખળભળાટ, જે આપણને અજાણી, વણદીઠેલી એ જગ્યાએ, જેને આપણે દિવ્ય જગત કહીએ છીએ, ત્યાં લઈ જ જવો જોઈએ, ભલેને તે કદાચ ક્ષણિક જ હોય.

➢હું તમને આવા પ્રસંગોનો ઉપયોગ માત્ર વિવેકપૂર્વક જ નહીં, માત્ર એકાગ્રતાપૂર્વક જ નહીં, પણ તમારા સંપૂર્ણ આત્માને તમારા શરીરને તમારા મનને, તમારા સર્વસ્વને એ મહાન ગુરુજી પર કેન્દ્રિત કરવા માટે પ્રાર્થના કરું છું, જેઓ આપણને આ અસ્તિત્વમાંથી અન્ય અસ્તિત્વ તરફ માર્ગદર્શિત કરી રહ્યા છે, જેને આપણે વર્ણવી નથી શકતા પણ જો આપણે તેમને શોધવા કૃતનિશ્ચયી હોઈશું, તો આપણે તેમને દરેક ધ્યાનની બેઠકમાં અનુભવી શકીશું.

http://www.sahajmarg.org/literature/online/speeches/the-real-purpose-of-bhandaras




ડાયમન્ડ જ્યુબીલી પાર્ક, તિરુપ્પુર ખાતે માસ્ટરના જન્મદિનની ઉજવણીના માટેની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. ધ્યાનખંડ ઊભો કરવાનું, રહેઠાણના તંબૂના નિર્માણનું, કેન્ટીનના વિભાગનું નિર્માણ કરવાનું અને અન્ય સલવતો ઊભી કરવાનું કામ આગળ ધપી રહ્યું છે, પાણીનો પૂરવઠો અપૂરતો હોય છે અને તેનું આયોજન હંમેશાં પડકારરૂપ હોય છે. પાણીની પાઈપોની અને સંડાસ વગેરે ચકાસણી થઈ રહી છે. ઉત્સવ માટે વીજળીના પૂરવઠાની વ્યવસ્થા અને જરૂર પડે તો વધારાના પૂરવઠાની વ્યવસ્થાનું આયોજન કરાઈ રહ્યું છે. ઉત્સવ સ્થળ ઉપર સ્વયંસેવકો ભાગ લેવા ખુશ છે, પણ તેઓ આશ્ચર્યચકિત પણ છે કે જ્યારે માસ્ટર અને આપણે બધાં ત્યાં ભંડારા માટે એકત્રિત થઈશું, ત્યાં સુધીમાં આખી જગ્યા સરસ રીતે રૂપાંતરિત થઈ જશે. આપણામાંના દરેકે ભંડારામાં ભાગ લેવા પોતાની જાતને તૈયાર કરવી જ જોઈએ અને ભંડારાનો મુખ્ય વિષય –પ્રેમમાં શિસ્ત– ઉપર આત્મનિરીક્ષણ કરવું જ જોઈએ.

## બાબુજી મહારાજ

"આપણા મિશનનો આ ખાસ દિવસ, માસ્ટરનો જન્મદિન, માનપૂર્વક અને પ્રેમપૂર્વક ઉજવાવો જોઈએ. આપણા દરેક અભ્યાસીએ સમજવું જોઈએ કે આ જીવનમાં આવા દિવ્ય માર્ગદર્શક કે જેઓ તેને તેના ઉચ્ચતમ ભાવિ તરફ દોરી જઈ શકે છે, તેઓને પામવા માટે તે અત્યંત નસીબદાર છે. સાધનાની પ્રક્રિયામાં આ વિશિષ્ટ સમય છે: શિષ્યને તેના હૃદયની કૃતજ્ઞતાને અભિવ્યકત કરવા અને દર્શાવવા માટે આપવામાં આવેલી આ એક તક છે."

શુક્રવાર, એપ્રિલ ૩૦, ૨૦૦૪ – સવારે ૧૦ વાગે
વ્હિસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડ





વર્ષ ૪, અંક ૪ જુલાઈ ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



# પૂજ્ય બાબુજી મહારાજનો ૧૧૨મો વાર્ષિક જન્મોત્સવ

આપણા પૂજ્ય બાબુજી મહારાજનો ૧૧૨મો વાર્ષિક જન્મોત્સવ સમગ્ર દેશમાં કૃતજ્ઞતા અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો, તેનો આ અહેવાલ છે.



ગુલબર્ગા



હુબલી



દુર્ગાપુર

## ઉત્તર કર્ણાટક

ગુલબર્ગા, સેડમ, ચિત્તાપુર, શોરાપુર અને હુમ્નાબાદથી આવેલા લગભગ ૩૦૦ અભ્યાસીઓ માટે ગુલબર્ગા આશ્રમ યજમાન હતો. બાબુજીના જન્મ દિવસ પર વિડિયો, 'બીઈંગ વીથ હીમ' ની ઓડીયો સીડી, બાબુજી સાથે થયેલા અનુભવો પર ભાષણો, બાબુજીના જીવન પર ઉખાણાંનો કાર્યક્રમ અને માસ્ટરના વક્તવ્યોની વિડિયો એ બધું કાર્યક્રમનો હિસ્સો હતા. આ દિવસે થયેલી દિવ્ય કૃપાનો આનંદ અભ્યાસીઓએ માણ્યો હતો.

ધારવાડ, બેલુર, ગદગ, પુડ્કલકટ્ટી, સિર્સી, કુકનુર, રાનેબેન્નુર અને કલ્લુરથી આવેલા લગભગ ૨૫૦ અભ્યાસીઓ હુબલી આશ્રમમાં ગ્રહણશીલ સત્સંગ માટે સવારમાં એકત્ર થયા હતા. નાસ્તો કર્યા પછી, ' જર્ની ઈન ટાઈમ' ની સીડી બતાવવામાં આવી હતી. યુથ દ્વારા બાબુજીના જીવન પર આબેહૂબ નાટક ભજવવામાં આવ્યું હતું કે જેમાં બાબુજીના અને આપણા માસ્ટરના જીવનમાં બનેલા પ્રસંગો બતાવવામાં આવ્યા હતા અને 'ફેસ ઓફ એસેન્સ' ના સ્લાઈડ શો દ્વારા બાબુજીના ફોટાઓ બતાવવમાં આવ્યા હતા. બપોરના કાર્યક્રમમાં કોયડા અને બાળકોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને સાંજના સત્સંગ થી કાર્યક્રમનું સમાપન કરવામાં અવ્યું હતું. વાતાવરણ ભંડારામાં હોય છે તેવું જ હતું.

ભલ્કી, ચન્ગ્લેર અને થાના કુશ્નુરથી આવેલા લગભગ ૧૨૭ અભ્યાસીઓએ બીડરના આશ્રમમાં થયેલા ઉત્સવોમાં ભાગ લીધો હતો કે જેમાં બાબુજી મહારાજના જીવન અને ઉપદેશો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભાઈ હરિલાલ ચવાણ બોલ્યા હતા અને ભાઈ પંઢરીનાથે બાબુજીના ઉપદેશો અને કથનો પર ઉખાણાંનું સંચાલન કર્યું હતું.

## દક્ષિણ કર્ણાટક

બેંગલોરના, બનશંકરી આશ્રમ ખાતે, ચાર વક્તાઓ, ભાઈ ડો. પેરૂમલ, બહેન વસંતાકુમારી, ભાઈ સુબ્રમન્ય બી. જી. અને બહેન માધુરી દ્વારા બાબુજીને મૂલ્યવાન અંજલિ આપવામાં આવી હતી. પસંદ કરવામાં આવેલા વિષયોથી બાબુજીના જીવન અને ઉપદેશો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. એમાંના એક વક્તાએ ભૌતિક દુનિયાના શિક્ષકની કાર્યપધ્ધતિ અને આધ્યાત્મિક ગુરુની કે જેઓ શિષ્યના જીવનમાં દરેક પળે પ્રેમાળ ધ્યાન આપે છે એમની કાર્યપધ્ધતિમાં રહેલો દેખીતો તફાવત સ્પષ્ટ કર્યો હતો. ભાઈ શ્રીનિવાસ અને ભાઈ સુબ્રમન્યનાં ઉખાણાં દ્વારા અભ્યાસીઓમાં માત્ર જિજ્ઞાસા જ નહોતી જાગી પરંતુ એ ખૂબ જ શિક્ષણાત્મક પણ નીવડી હતી. બપોરે, બાબુજી વિશે વિડિયો મૂકવામાં આવ્યો હતો અને સાંજના સત્સંગ પછી ઉત્સવનું સમાપન કરવામાં આવ્યું હતું.

ટી. નરસીપુરાથી આવેલા અભ્યાસીઓ સહિત લગભગ ૪૧ અભ્યાસીઓ કોલેગુલ ખાતે ઉત્સવમાં હાજર રહ્યા હતા. ભાઈ મધુસૂદન, ભાઈ મહાદેવગોવડા, બહેન અલુમેલમ્મા, બહેન ધનલક્ષ્મી, ભાઈ શિવકુમાર અને ભાઈ મહાદેવસ્વામી પ્રસંગ વિશે બોલ્યા હતા. ઉત્સવ દરમિયાન ભાગ લેનારાઓને દિવ્ય સાથે એકરૂપતાનો અનુભવ થયો હતો.



કોલેગુલ



લખનૌ

## પશ્ચિમ બંગાળ

૨૯મી એપ્રિલે સાંજના સત્સંગથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. બીજા દિવસે, કોલકાતા, બર્દવાન, પાનગઢ, રાનીગંજ, આસાનસોલ, બર્નપુર, કાજોરા, સીવરી, આંડલ, ચીત્તરંજન અને બાંકુરા સેન્ટરથી લગભગ ૮૦ અભ્યાસીઓ દુર્ગાપુર ખાતે એકત્રિત થયા હતા. ભાઈ યુ. એસ. મિશ્રા, બહેન કુસુમ મહેરા અને ભાઈ પરિમલ સવારના કાર્યક્રમમાં બોલ્યા હતા. ત્યાર પછી, વિડિયો બતાવવામાં આવ્યો હતો. બપોરના સવાલ–જવાબના કાર્યક્રમમાં ઘણી બધી શંકાઓનું સ્પષ્ટિકરણ થયું હતું. ત્યાર પછી સાંજનો સત્સંગ રાખવામાં આવ્યો હતો. ૧લી મેના દિવસે સવારના સત્સંગ પછી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું, અભ્યાસીઓએ સંમેલનના આધ્યાત્મિક વાતાવરણનો આનંદ માણ્યો હતો.

## ઉત્તર પ્રદેશ

લખનૌ ખાતે, આખા દિવસના કાર્યક્રમમાં ૪૨૮ અભ્યાસીઓએ હાજરી આપી હતી. દિવસ દરમિયાન બાબુજીના જીવન પર વિડિયો બતાવવામાં આવ્યો હતો, ભાષણો રાખવામાં આવ્યાં હતાં અને ભજનો ગાવામાં આવ્યાં હતાં. યુવાનો અને બાળકોએ આધ્યાત્મિક ઉપદેશો પર વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. ૫:૩૦ વાગે સાંજના સત્સંગ પછી કાર્યક્રમનું સમાપન થયું હતું.



ચિન્નવલ્લીકુલમ



જબલપુર

## જબલપુર, મ.પ્ર.

'ડીસીપ્લીન ઈન લવ' ના વિષય સાથે ૨૯મી એપ્રિલના રોજ સાંજના સત્સંગમાં લગભગ ૩૫૦ અભ્યાસીઓ એકત્રિત થયા હતા. ભાઈ વિકલ્પે (ઝેડઆઈસી) સમજાવ્યું હતું કે આપણે જ્યારે આધ્યાત્મિકતાના માર્ગમાં પ્રવેશ કરીએ ત્યારે આપણે કેવી રીતે માસ્ટર સાથે બંધાઈએ છીએ અને અર્ધ જાગ્રત અવસ્થામાં એમના પ્રત્યે કેવી રીતે પ્રેમ વિકાસ પામે છે અને જ્યારે તે જાગ્રત અવસ્થામાં આપણે જે કરતાં હોઈએ તેમાં, કેવી રીતે મદદ કરે છે. બહેન દીપા ભારદ્વાજ 'ક્વોલીટીઝ ઓફ અ લવર' વિશે બોલ્યાં હતાં અને એને માટે 'સીસ્ટેમેટીક દીવાનગી' શબ્દ શોધી કાઢ્યો હતો.

ડો. આર. કે. શ્રીવાસ્તવ 'સાચો પ્રેમી કેવી રીતે આપોઆપ શિસ્તબધ્ધ બને છે' એ વિશે બોલ્યા હતા અને બહેન સુનિતા શુક્લા પ્રેમ અને શિસ્ત કેવી રીતે એકબીજા સાથે સંકળાયેલાં છે એ વિશે બોલ્યાં હતાં. ઉખાણાં, દસ નિયમો પર આધારિત નાટક અને કેટલાંક ભજનોએ દિવ્યની હાજરીનો અનુભવ કરવામાં અને એમાં તરબોળ થવામાં મદદ કરી હતી. બાબુજી મહારજના જીવન પર સીડી બતાવવામાં આવી હતી અને ત્યાર પછી બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. રવિવારે ભાઈ વિકલ્પે આશ્રમની મિલકતોની જાળવણીની જરૂરિયાત પર મનમાં ઠસી જાય એ રીતે વકતવ્ય આપીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું, જેથી તેઓ તેને ભાવિ પેઢીઓને હવાલે કરી શકે.

## દક્ષિણ તામિલનાડુ

મદુરાઈ ખાતે નજીકનાં ૧૩ સેન્ટરોમાંથી લગભગ ૫૦૦ અભ્યાસીઓએ ઉત્સવોમાં ભાગ લીધો હતો. બાબુજીનું પુસ્તક ' રીયાલીટી એટ ડોન (સત્યનો ઉદય)' એ દિવસનો વિષય હતો. મદુરાઈ, શોલાવંદન, થેની, બટાલગુન્ડૂ અને કારઈકુડી સેન્ટરોમાંથી ભાગ લેવા આવેલા અભ્યાસીઓ દ્વારા એ પુસ્તકમાંથી કેટલાંક પ્રકરણો સમજાવવામાં આવ્યાં હતાં. બપોરના ભોજન પછી,બાકીનાં પ્રકરણો મેલુર, સિંગમપુનારી, પરમકુડી, રામનાથપુરમ, માનમદુરાઈ, મદુરાઈ અને સિવાગંગઈ સેન્ટરોમાંથી આવેલા અભ્યાસીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમને ભાઈ પાલનીઅપ્પન, ભાઈ નાગરાજન અને ભાઈ રાધાક્રિષ્ણને કો–ઓર્ડિનેટ કર્યો હતો. દિવ્ય વાતાવરણમાં બાબુજીના સ્મરણમાં અભ્યાસીઓને સારું લાગ્યું હતુ અને એમનાં લખાણોની સમજ સારી પડી હતી.

વિરુધુનગર, ચિન્નવલ્લીકુલમ, અરુપ્પુકોટ્ટઈ, કારિયાપટ્ટી, કોવિલપટ્ટી અને સિવાકાસી સેન્ટરોમાંથી આવેલા લગભગ ૩૦ અભ્યાસીઓ ચિન્નવલ્લીકુલમ આશ્રમમાં એકત્રિત થયા હતા. સવારના સત્સંગ પછી, ભાઈ સ્વામિનાથને 'લાઈફ હિસ્ટરી ઓફ બાબુજી મહારાજ' નું વાંચન કર્યું હતું. સાધના, ચારિત્ર્ય નિર્માણ, આજ્ઞાપાલન, સ્વીકૃતિ, પસંદગી અને શરણાગતિ જેવા વિષયો પર ભાગ લેનારાઓએ એમના વિચારો રજૂ કર્યા હતા. મહત્ત્વના મુદ્દાઓમાંનો એક મહત્ત્વનો મુદ્દો મિશનના કાર્યને આપણું કાર્ય હોવાની ભાવના વિકસાવવાનો હતો. બપોરના કાર્યક્રમમાં પ્રેમના વિષય પર સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી. સાંજના સત્સંગ પછી આખા દિવસના કાર્યક્રમનું સમાપન થયું હતું.



અમદાવાદ



આણંદ

## ગુજરાત

ગુજરાતના આણંદ ખાતે લગભગ ૮૩ અભ્યાસીઓએ ઉત્સવમાં હાજરી આપી હતી. સત્સંગ પછી મૂકવામાં અવેલી સીડી 'સી ઓફ લવ' થી દરેક જણ બાબુજી મહારાજના સમયમાં પહોંચી ગયા હતા. ખાનપાન પત્યા પછી દરેક અભ્યાસીને મૂલ્યવાન સંદેશાઓ પહોંચાડતી ટૂંકી વાર્તાઓ આપવામાં આવી હતી. ભાગ લેનારાઓએ વાર્તાના સારનું વર્ણન કર્યું હતું અને એમના વિચારો રજૂ કર્યા હતા. બપોરે, ધ્યાન, સફાઈ, પ્રાર્થના, સતત સ્મરણ અને હયાત ગુરુની આવશ્યકતા જેવા વિષયો પર સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી. સાંજના સત્સંગ પછી, ભજનો ગાવામાં આવ્યાં હતાં

ગુજરાતના ઝોન ૬–અ માંથી અમદાવાદ ખાતે લગભગ ૯૦૦ અભ્યાસીઓએ ઉત્સવમાં ભાગ લીધો હતો. એમાં સમૂહ ચર્ચાઓ, નાટિકાની રજૂઆત અને માસ્ટરના ફોટાઓને મૂકવામાં આવ્યા હતા. પર્યાવરણનું જતન અને એની સજાગતા વિશેના કાર્યક્રમના ભાગ રૂપે, આશ્રમમાં થોડાં વૃક્ષો રોપવામાં આવ્યાં હતાં. રવિવારે નવા અભ્યાસીઓ માટે એટીપી ટ્રેનીંગ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી વક્તાઓ માટે તાલીમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેઓ દૂર આવેલાં સેન્ટરો અને એની નજીકનાં સેટેલાઈટ સેન્ટરોમાં જઈ કાર્યક્રમને આગળ ધપાવશે.

# યુવાનો માટેના કાર્યક્રમો

## યુવા વિકાસ કેમ્પ, ઈન્દોર, મ.પ્ર.



ચોથી અને પાંચમી જૂન દરમિયાન, ઈન્દોર ખાતે ૧૭ વર્ષથી ઉપરના યુવાનો માટે, બે દિવસના રહેઠાણ સાથેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો હેતુ કૌશલ્ય મેળવવામાં તેમને મદદ કરવાનો અને તેઓના આધ્યાત્મિક અને ભૌતિક વિકાસ વચ્ચેના સંતુલનને સરળ બનાવવાનો હતો. ભાગ લેનારાઓ સનવેર, ભોપાલ,સોહગપુર, દેવાસ, રતલામ,વિદિશા અને ઈન્દોરથી આવ્યા હતા. તેઓને ચાર સમૂહમાં વહેંચવામાં આવ્યા હતા. સંદેશા વ્યવહારની કુશળતા પરના કાર્યક્રમ પછી હિંમતને વિકસાવવાનો અને ખંતપૂર્વક સમસ્યાઓનું નિરાકરણ કરવા, સર્જનાત્મકતાનો વિકાસ અને અલગ વિચારસરણી વિકસાવવા માટે નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. સાંજે 'ધ સીક્રેટ' ચલચિત્ર બતાવવામાં આવ્યું.

બીજા દિવસે, રવિવારના સત્સંગ પછી સમૂહમાં રમાતી રમતો અને સમય પ્રબંધન સાથે કાર્યક્ષમતાને વિકસાવવા માટેનો એક રસપ્રદ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઈન્ટરવ્યુ માટેની કુશળતા અને સામૂહિક ચર્ચા વિચારણાનો પરસ્પર પ્રભાવિત કરતો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભાઈ વિકલ્પ મુન્દ્રા અને ભાઈ શ્રેયસ્કર ચૌધરી દ્વારા આશીર્વાદાત્મક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. બે યુવાન ઉદ્યોગપતિઓ કે જેઓ રોજબરોજ ખૂબજ મોટી સંખ્યામાં કામદારોની વ્યવસ્થા સંભાળે છે, તેમણે વાસ્તવિક જીવનમાં આવતી સમસ્યાઓના તેમના પોતાના અનુભવો પર અધારિત જવાબો આપ્યા હતા. આ કાર્યક્રમ ભાગલેનારાઓ માટે વ્યવહારુ, ઉપયોગી અને માહિતિપૂર્ણ હતો.

## પ્રાદેશિક યુવા સેમિનાર, વડોદરા, ગુજરાત

વડોદરા કેન્દ્રમાં, ૧૧મી અને ૧૨મી જૂનના રોજ આ પ્રકારનું આયોજન પહેલીવાર કરવામાં આવ્યું હતું. અલગ અલગ કેન્દ્રોમાંથી ૭૫ યુવાનોએ તેમાં ભાગ લીધો હતો. સવારનો કાર્યક્રમ સાધનાનાં વિવિધ પાસાંઓ અને ચારિત્ર્યનિર્માણ અંગેની સામૂહિક ચર્ચાવિચારણા, ભાગ લેનારાઓની રજૂઆત અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમથી બનેલો હતો. બપોર પછીના કાર્યક્રમમાં દસ નિયમો પર આધારિત નાટિકાની તૈયારી અને રજૂઆતને સમાવવામાં આવી હતી. સાંજના સમયે ખુલ્લામાં રમવામાં આવતી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું અને ભાગ લેનારાઓએ ગીતો અને ભજનઓ ગાયાં હતાં અને રાત્રિના ભોજન પછી ટુચકાઓ કહ્યા હતા. ભાઈ કમલેશ પટેલ દ્વારા અસરકારક સાધના કેવી રીતે કરવી તે અંગે ના કાર્યક્રમ પછી પરસ્પર આદાનપ્રદાનનો કાર્યક્રમ બધા જ ભાગલેનારાઓ માટે ખૂબ જ લાભદાયક રહ્યો. બીજા સેમિનાર માટેના વિષય અંગે તેઓનો અભિપ્રાય પૂછવામાં આવ્યા અને 'ઈચ્છાશક્તિ અને અનુશાસન' વિષયને ઓક્ટોબરના સંભવિત સેમિનાર માટે પસંદ કરવામાં આવ્યો.

## યુવાઓ માટે રવિવારનો કાર્યક્રમ– દોમાલગુડા, આં.પ્ર.

જાન્યુઆરી ૨૦૧૧થી દોમાલગુડા અને એસ.આર આશ્રમ ખાતે દરેક રવિવારે સવારે ૯–૩૦થી ૧૧–૩૦ સુધી યુવાઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે અને લગભગ ૨૦થી ૨૫ લોકો આ કાર્યક્રમમાં ભાગ લે છે. આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવાનો હેતુ યુવાનો માટે તેઓ એકબીજાને મળી શકે અને સાધના અને મિશન વિષે વધારે જાણકારી મેળવી શકે તે માટે એક મંચ તૈયાર કરવાનો છે. વિવિધ વિષયો જેવાકે ચારિત્ર્યનિર્માણ, ડાયરી લેખન, રમૂજી રમતો, સહજ માર્ગના સાહિત્ય ઉપર શાબ્દિક કોયડાઓ, પાત્ર ભજવવું, વાર્તા કહેવી, ઈશારાથી માહિતિ આપવી, પ્રશિક્ષકો સાથે પ્રશ્નોત્તરી ઉપર કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવે છે. આ બધા કાર્યક્રમોનો હેતુ યુવાઓમાં સહજ માર્ગના મૂલ્યો અને ચારિત્ર્યનિર્માણને ઠસાવવાનો છે.

## રહેઠાણ કેમ્પ, ઈન્દોર

ઈન્દોર ખાતે, ૨૧ અને ૨૨મી મે ના રોજ, ભવિષ્યના અભ્યાસીઓ સાથે સંવાદિતાનો વિકાસ થાય તે હેતુથી તરુણો માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તરુણોએ યાદશક્તિની રમત સાથે ક્રિયાત્મક રીતે એકબીજા સાથે પોતાની ઓળખાણ કરાવી. પછી તેઓ પાંચ સમૂહમાં વહેંચાઈ ગયા અને તેઓએ ઘણી બધી પ્રવૃત્તિઓ જેવી કે ગાંઠ બાંધવી, જેની ઉપર ઉભા હોય તે ચાદર વાળવી અને પરંપરાગત 'મટકી–ફોડ' હરિફાઈમાં ભાગ લીધો. 'પોતાને જાણો' અને 'ધ્યેય નિશ્ચિત કરવું' જેવા કાર્યક્રમનું સંચાલન બહેન યામિનિ કરમારકર અને ભાઈ સુનિલ ખન્નાએ કર્યું. સાંજના સમયે બાળકોને નજીકના પ્રાદેશિક ઉપવનમાં લઈ જવામાં આવ્યા. બહેનોની દેખરેખ નીચે તેઓએ સ્વાદિષ્ટ પાંવભાજી પણ બનાવ્યા હતાં.

બીજા દિવસે તેઓ એસ.આર.સી.એમ.ની નવી જગ્યાએ ગયાં હતાં જ્યાં વિવિધ પરંપરાગત ભારતીય રમતોની સાધન સામગ્રી તૈયાર રાખવામાં આવી હતી. પછીના બે કલાક પતંગ ઉડાડવામાં,સાતોલીયા અને ગીલી દન્ડા રમવામાં પસાર થયા. બહેન શશી શર્મા અને ભાઈ રાજેશ રાવરેકર દ્વારા "મારા હૃદયથી પત્ર"નો હૃદયસ્પર્શી કાર્યક્રમ હતો. એક માતાનો, તેણીના બાળકને લખવામાં આવેલા પત્રનું વાંચન કરવામાં આવ્યું, જેમાં તેણીએ તેના બાળકના કલ્યાણ માટેની ચિંતા પ્રગટ કરી હતી. તેના જવાબમાં દરેક બાળકે પોતાની માતાને પ્રેમ અને આભાર દર્શાવતો પત્ર લખ્યો. તેનો હેતુ તેઓના જીવનમાં તેમના માતાપિતાનું મહત્વ જણાવવાનો હતો. "ઈશ્વર અને હું" કાર્યક્રમ સાથે સભા પૂરી થઈ.



વડોદરા



ઈન્દોર –યુવા કેમ્પ

# બાળકો માટે સમર કેમ્પ

## બાબુજી મેમોરિયલ આશ્રમ, ચેન્નાઈ

૬ થી ૮મેની વચ્ચે, સાતથી તેર વર્ષની ઉંમરના ૭૦ બાળકો માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું કેમ્પની શરૂઆત એકબીજાના પરિચયથી કરવામાં આવી. ત્યારબાદ હાથકારીગરીની પ્રવૃત્તિઓ રાખવામાં આવી હતી. ત્રણ દિવસના કાર્યક્રમમાં, શારીરિક કસરત, માલિક પરના ગીતો, પારપરિક માહિતી આપતો કાર્યક્રમ, આશ્રમનો નકશો દોરવો, સામૂહિક પ્રયત્નોને પ્રોત્સાહિત કરતી રમતો, 'પ્રેમ બધાંને જીતી લે છે' તે ઉપર નાટિકા, કપડાંની થેલીઓ ઉપર પેઈન્ટીંગ(રંગકામ), જીંદગીનો સાચો ખજાનો શોધવા માટે, ખજાનો શોધવાની પ્રવૃત્તિ અને સામાન્યજ્ઞાનની પ્રશ્નોત્તરી જેવા કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. ભગવાન કૃષ્ણ ઉપર ચલચિત્ર બતાવવામાં આવ્યું હતું. આ સભામાં સાંસ્કૃતિક કાર્યક્રમનો સ્માવેશ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ બધા જ બાળકોને નવા મિત્ર તરીકે ગુલાબનો છોડ અને પ્રસંગોની સીડી આપવામાં આવી હતી. બાળકો અને વાલીઓ સાથે પારસ્પરિક માહિતી સાથે કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો.


Chennai

## વેલ્લુર, તામિલનાડુ

૨૮ મે ના રોજ વેલ્લુર ખાતે, ૩થી૧૫ વર્ષની ઉંમરના લગભગ ૫૦ બાળકો માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ જુદી જુદી જગ્યાના બાળકો વચ્ચે ઓળખાણ કરાવવી અને નૈતિક મૂલ્યો સાથેના શિસ્તબધ્ધ જીવનનો વિકાસ કરવાનો હતો. તેઓને ઉંમર પ્રમાણે બે સમૂહમાં વહેંચવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં સામૂહિક, જૂથની અને વ્યક્તિગત ક્રિયાત્મક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાળકોએ ગાવામાં, ક્લાસીકલ નૃત્ય, યોગા વગેરેમાં વ્યક્તિગત પ્રદર્શન કર્યું હતું. યુવાઓ દ્વારા 'સહજ માર્ગ–જીવનનો રસ્તો' નાટકની રજૂઆત કરવામાં આવી હતી અને આ નાટક યુવાઓના આંતરિક પરિવર્તન અને તેમની માસ્ટર પ્રત્યેની તડપ, તેમના કુટુંબ અને મિત્રોના વાતાવરણમાં લાવેલા પરિવર્તનને દર્શાવતું હતું.


વેલ્લોર

## હૈદરાબાદ

૬ થી ૮મે દરમિયાન હૈદરાબાદમાં ત્રણ દિવસના સહજ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લગભગ ૯૦ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પની શરૂઆત પરસ્પર પરિચયના કાર્યક્રમથી કરવામાં આવી હતી અને તે દરમિયાન તેઓએ એકબીજાનો પરિચય કર્યો અને વધુ મિત્રો બનાવ્યા. માતાપિતાને પ્રેમ કરવો, પ્રેમમાં અનુશાસન વગેરે જેવા વિષયો પરની વિવિધ પ્રવૃત્તિઓ માટે તેઓ સમૂહઓમાં વહેંચાઈ ગયા હતા. એક કલાકની ખુલ્લામાં રમાતી રમતો બાદ, 'બીજા પરિમાણ' કે જેમાં બાળકોએ ચિત્રના થોડા ભાગ જોઈને આખા ચિત્રની ઓળખ કરી. બીજા દિવસે બાળકોએ પોતાના માતાપિતા અને મિત્રોને, તેઓ તેમના વિષે શું જાણે છે, તેની જાણ કરી. સિનિયર ગૃપ માટે ભાઈ અનન્ત સાથે અભ્યાસી બનવા માટેની જાણકારી અને તૈયારી માટે માહિતિની આપલે નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ભાઈ શ્રીનિવાસ દ્વારા પણ ધ્યાન દ્વારા કેવી રીતે માનવીયતા વિકસાવી શકાય તેની જાણકારી આપવામાં આવી. બાળકોને વાંચવા માટે 'મારા ગુરુદેવ' પુસ્તકની નકલ આપવામાં આવી અને બહેન રુચિતાના નૃત્ય પ્રસ્તુતિ સાથે કેમ્પ સમાપ્ત કરવામાં આવ્યો.


હૈદ્રાબાદ

## રાયચૂર

બહેન જી.લક્ષ્મી અને બહેન નાગાવેની દ્વારા ૧૪ થી ૧૬ અપ્રિલ દરમિયાન ૪૫ વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. 'ઈશ્વર અને ગુરુ', 'તંદુરસ્ત જીવન અને અનુશાસન' જેવા વિષયો વિદ્યાર્થીઓને સાદા ઉદાહરણો અને વાર્તાઓ દ્વારા સમજાવવામાં આવ્યા. બપોર પછી આ વિષયો પર આધારિત કાર્યક્રમ રાખવામાં આવ્યા. છેલ્લા દિવસે ડો. બાલાસુબ્રમન્યમ અને ભાઈ અન્નપૂર્ણા દ્વારા વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યપૂર્ણ ખોરાકની ટેવો અને સભ્ય રીતભાત, જે તેમને તંદુરસ્ત જીવન જીવવામાં મદદ કરે છે તે સમજાવવામાં આવી. ૧૭મી એપ્રિલના રોજ, રવિવારના સત્સંગ પછી, વિદ્યાર્થીઓના વાલીઓને આમંત્રિત કરવામાં આવ્યાં અને આ પ્રકારના કાર્યક્રમનો હેતુ સમજાવવામાં આવ્યો. તેઓને પણ માસ્ટર, મિશન અને પધ્ધતિ વિષે જણાવવામાં આવ્યું. બાળકો કાર્યક્રમ દરમિયાન થયેલા અનુભવો વિષે બોલ્યાં. કાર્યક્રમ દરમિયાન પુસ્તકો વેચાણ માટે રાખવામાં આવ્યાં હતાં અને વાલીઓને પત્રિકાઓ વહેંચવામાં આવી હતી, જેમાંના કેટલાંકે સાધના શરૂ કરવામાં ઘણો રસ દર્શાવ્યો હતો.


રાયચુર

## ભૂજ, ગુજરાત

૨૩ થી ૨૮ મે ના રોજ, ભૂજ કેન્દ્રમાં ૬ થી ૧૨ વર્ષના બાળકો માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ૭૨ બાળકોને ઉંમર પ્રમાણેના બે સમૂહમાં વહેંચવામાં આવ્યાં. કાર્યક્રમમાં કાર્યકુશળતા અને મૂલ્ય આધારિત અલગ અલગ વિષયો આવરી લેવામાં આવ્યા હતા. છેલ્લા દિવસે બધા જ વાલીઓને કાર્યક્રમનો સારાંશ અને મિશન અને પધ્ધતિની અનૌપચારિક માહિતિ આપવામાં આવી. ૪૦ કરતાં વધુ વાલીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને તેમના બાળકોને પ્રોત્સાહિત કર્યા. લોકલ ટીવીના સમાચાર ચેનલ પર સમર કેમ્પની માહિતી આપવામાં આવી હતી. માસ્ટરની કૃપાથી અને ૨૪ જેટલા સ્વયંસેવકોની મદદથી, જેમાંના કેટલાક બાળકોની સંપૂર્ણ હૃદયની સેવાથી કાર્યક્રમ સફળ થયો.



ભૂજ

## બહરિચ સેન્ટર, ઉ.પ્ર.

શ્રી રામચંદ્ર મિશનનું ઝડપથી વિકસતું બહરિચ સેન્ટર લખનૌથી ઈશાન બાજુએ ૧૨૫ કિ.મી. દૂર, નેપાળની બોર્ડર નજીક આવેલું છે. બહરિચ ઉત્તર પ્રદેશના બીજાં બે રાજ્યો સાથે વાહનમાર્ગે જોડાયેલું છે અને મિશન માટે તે આ વિસ્તારનું મધ્યવર્તી સેન્ટર છે. આપણો આશ્રમ બહરિચથી ૬ કિ.મી. દૂર આવેલો છે અને લગભગ બે એકર જમીનમાં વિસ્તરેલો છે.

આશ્રમનું ભૂમિપૂજન ૧૨મી જૂને યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે લગભગ સો અભ્યાસીઓ હાજર હતા, જેમાં ગોરખપુરથી આવેલા પ્રશિક્ષકો ભાઈ નરસિંહ અને ભાઈ વિજય શંકર પણ હતા. ગોન્ડા સેન્ટરથી આવેલા પ્રશિક્ષક ભાઈ બદરીપ્રસાદ સિંગે તેમના વકતવ્યમાં કહ્યું કે આશ્રમ આત્મા માટે ઘર હોય છે અને ત્યાં તેને તેના અસ્તિત્વની જાણ થાય છે. લોકો મંદિરમાં દુન્યવી વસ્તુઓ મેળવવા જતા હોય છે, જ્યારે આપણે આશ્રમમાં દુન્યવી વસ્તુઓને ભૂલીને આપણા આંતરિક સ્વની ખોજમાં જઈએ છીએ.

## શનિ–રવિનો કાર્યક્રમ, નેત્રામપલ્લી, તામિલનાડુ



૨૧ અને ૨૨ મેના રોજ, નેત્રામપલ્લી આશ્રમ ખાતે સહજ માર્ગ – જીવનની રીત, એ વિષય પર એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં વેલ્લોર વિસ્તારના પિસ્તાળીશ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું ઉદઘાટન ભાઈ ભરતરાજનના વકતવ્યથી થઈ અને પછી તેમણે સાધનાના મહત્ત્વ પર એક પ્રેઝન્ટેશન કર્યું હતું. અભ્યાસીઓએ પધ્ધતિના વિવિધ પાસાંઓ પર તેમનાં વિચારો અને મંતવ્યો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમની વિશેષતારૂપે, સહજ માર્ગ પધ્ધતિ પર થતી શંકાઓનું નિરાકરણ પૂ.માસ્ટરે એક વિડિયો દ્વારા કર્યું હતું. જૂથમાં કરવામાં આવેલી ચર્ચાઓ અને વિડિયોની સહાયથી સહજ માર્ગ પધ્ધતિના વિવિધ પાસાંઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભાઈ બાલસુબ્રમનીયમના ભાઈચારા પરના વકતવ્યથી અને વિષય પર મનન કરવા આપેલા સમય પછી, એ વિશેષરૂપે સાબિત થયું કે જીવનના દરેક પાસામાં સહજ માર્ગની જરૂર છે.

## વાર્તાઓમાંથી શિક્ષણ, કે.જી.એફ., દક્ષિણ કર્ણાટક

પ્રકાશન વિભાગ, બેંગ્લોરના કોઓર્ડિનેટર્સ અને તેમના સાથીઓએ કે.જી.એફ., કોલર અને મુલબગલના ત્રીસ અભ્યાસીઓ માટે એક કાર્યક્રમ યોજ્યો હતો. મિશનના સાહિત્યનું વાંચન એ સાધનાનું અગત્યનું પાસું છે અને પૂ.ગુરુજીઓના પુસ્તકો હેતુસહિત વાંચવા, ધ્યાનપૂર્વક વાંચવા, વારંવાર, રોજિંદા નિત્યક્રમ મુજબ વાંચવાથી જ્ઞાન મળે છે અને સતત સ્મરણમાં રહેવાય છે. કાર્યક્રમમાં તે પછી અભ્યાસીઓ દ્વારા, તેમની મનપસંદ ભાષામાં જેવી કે અંગ્રેજી, તમિલ, કન્નડ અને તેલુગુમાં વાર્તાઓ વાંચવામાં આવી હતી. પૂ.માસ્ટરે કહેલી વાર્તાઓ પણ રજૂ થઈ અને તેનામાંના મૂલ્યો ચર્ચવામાં આવ્યા હતા.

કોઓર્ડિનેટર્સે વાર્તાલાપથી કાર્યક્રમને રસપ્રદ અને શૈક્ષણિક બનાવ્યો હતો અને અભ્યાસીઓ પર તેની ઊંડી અસર થઈ હતી. કાર્યક્રમ પછી તેમણે મિશનના પુસ્તકો ખરીદવા માટે રસ દર્શાવ્યો હતો.



## વિશ્વ પર્યાવરણ દિન, જામનગર

જામનગર આશ્રમ ખાતે પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીમાં સ્વયંસેવકો અને બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાઈ સચીન વ્યાસના સ્વાગત સંબાધન પછી ચકલીના માળાનો વિષય શરૂ થયો. પક્ષીઓનાં નિષ્ણાંત, ભાઈ અર્પિત દેવમૂર્તિએ સમજાવ્યું કે ચકલીનો માળો કેવી રીતે સાચવવો, પંખીઓને દાણાં કેવી રીતે આપવા, વૃક્ષ કેવી રીતે રોપવું. બાળકોને લાકડાનો ચકલીનો માળો, ચબૂતરો અને એક વેલ આપવામાં આવી અને શીખવાડ્યું કે તેનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરવો કે જેથી શહેરમાં વધારે પક્ષીઓ આવે અને આમ પર્યાવરણની માવજત કરવાનું શીખવાડ્યું.

## હાર્ટ ટુ હાર્ટ, રાયપુર, છત્તીસગઢ

૨૪મી એપ્રિલે રાયપુરના યોગાશ્રમ ખાતે, રવિવારના સત્સંગ પછી હાર્ટ–ટુ–હાર્ટનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો, જેમાં ૩૭ બહેનોએ ભાગ લીધો. તેમને આઠ જૂથમાં વહેંચવામાં આવ્યા અને દરેક જૂથને એક વિષય આપવામાં આવ્યો હતો. બહેનોએ તેમના જૂથને અપાયેલા વિષય પર ખૂબ ખંતથી ચર્ચા કરી અને જૂથના નેતાએ તેમના નિરીક્ષણનો સાર કહ્યો. અંગ્રેજી શબ્દ સિસ્ટરના દરેક અંગ્રેજી અક્ષરને બહુ જ સુંદર રીતે તેમણે વર્ણવ્યો હતો. મોટાભાગની બહેનોએ કહ્યું કે તેઓ સહજ માર્ગના દસ નિયમો અનુસરવાનો પ્રયત્ન કરશે કે જેથી તેમનું ભૌતિક અને આધ્યાત્મિક જીવન સમતોલનમાં રહે. આ પધ્ધતિનો વધારે ને વધારે લોકો લાભ લઈ શકે, તે માટે તેઓ પ્રોત્સાહન આપે છે. તેમનાં વિચારો હકારાત્મક છે, તેઓ જીવનમાં આવતી સમસ્યાઓ હલ કરી શકે છે, મોટાભાગની બહેનોએ જણાવ્યું હતું કે સહજ માર્ગમાં જોડાયા પછી તેમનાં બાળકોની વર્તણૂંકમાં પરિવર્તન આવ્યું હતું. બાળકો તેમના ભણતર પ્રત્યે ગંભીર થતાં જણાયા હતા, બાળકો માસ્ટરને પ્રેમ કરે છે અને આશ્રમના કાર્યક્રમોમાં સક્રિય રીતે ભાગ લે છે. પોતાનાં માતાપિતા સહજ માર્ગ સાથે જોડાયેલાં છે, તે બાબતે બાળકો ગર્વ અનુભવે છે અને આતુરતાથી રાહ જુએ છે કે તેઓ ક્યારે અઢાર વર્ષના થાય કે જેથી તેઓ આધ્યાત્મિક અભ્યાસ ચાલુ કરી શકે. આ ઉપરાંત, કેટલીક બહેનોએ તેમની લાગણીઓ કાવ્યરૂપે જણાવી. કેટલાંકે પોતાનાં માસ્ટર સાથેના અનુભવો કહ્યા. એક બહેને જણાવ્યું કે તેમના પૂ.માસ્ટર પ્રત્યેના વિશ્વાસથી તેમનો અસાધ્ય રોગ પણ જીતાઈ ગયો હતો. છેવટે, પીગળતાં હૃદયો અને ભીનાં અશ્રુઓ સાથે સૌ બહેનોએ માસ્ટરને યાદ કર્યા અને પ્રશિક્ષક બહેન રજની દત્તાનો આભાર માન્યો કે જેમણે તેમના મંતવ્યો દર્શાવવાનું આમ ગોઠવી આપ્યું હતું. પુન:પ્રેમ અને ભક્તિ સાથે હાર્ટ–ટુ–હાર્ટ કાર્યક્રમ સમાપ્ત થયો.

# પ્રકાશનું કેન્દ્ર

## મદુરાઈ આશ્રમ








મદુરાઈમાં એસઆરસીએમની નાના પાયે શરૂઆત સને ૧૯૭૫માં ભાઈ શ્રી થસ્માસ્વામીના થેપ્પાકુલમના ઘરેથી થઈ હતી. આ કેન્દ્રને પૂજ્ય શ્રી બાબુજી મહારાજની ૭૮મી વર્ષગાંઠ તેમની પવિત્ર ઉપસ્થિતિમા ઉજવવાનો લ્હાવો મળ્યો હતો. આશરે ૮૦૦ અભ્યાસીઓએ તે પ્રસંગે હાજરી આપી હતી અને તે પ્રસંગ નિમિત્તે તામિલ અને અંગ્રેજીમાં સોવેનિયર પ્રકાશિત કરેલું હતું.

મદુરાઈ કેન્દ્રે તેની રજત જયંતિ ૧૧ અને ૧૨ એપ્રિલ ૧૯૯૨ ઉજવી હતી. આ પ્રસંગે માસ્ટરે કહ્યુ હતું કે "જેમણે આધ્યાત્મિકતામાં ઝંપલાવ્યુ છે, તેમના માટે ધ્યાન એ માત્ર એક કલાકની નિયમિત કામગીરી ન હોઈ શકે. ધ્યાન એ લક્ષ્યપ્રાપ્તિ માટે એકચિત્ત કર્તવ્ય છે. ધ્યાન એ આપણા સાંસ્કૃતિક વારસાનું સનાતન લક્ષણ હોવુ જોઈએ." તે પ્રસંગની ઉજવણી બાદ કેન્દ્ર ડો. ગોપીનાથ પ્રેમચંદના ઘરે મરિઆમ્મન થેપ્પાકુલમ વેસ્ટ બેન્કમાં સ્થળાંતર થયું હતું.

### મદુરાઈ આશ્રમની શરૂઆત

મદુરાઈ કેન્દ્રના અભ્યાસીઓએ સુંદરરાજનપટ્ટિ, અલગારકોઈલ રોડ, મદુરાઈની જમીન માટે ફાળો આપવાનું આયોજન કર્યુ હતું. તે જગ્યા મદુરાઈ રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડથી ૧૧ કિ.મી. દૂર છે. સને ૧૯૯૨–૧૯૯૪ની આસપાસ આશરે ૨.૮૭ એકર જમીન મીશન માટે ખરીદવામાં આવેલી અને વધારાની જગ્યા દાનવીર અભ્યાસીઓ માટે રાખવામા આવેલ. માસ્ટરે આ જગ્યાનું નામ "શ્રી રામચંદ્ર પુરમ" રાખેલું હતું. ત્યારબાદ માસ્ટરની સહાયથી વધારાની દોઢ એકર જમીન ખરીદવામાં આવેલી, જેથી જમીનનો વિસ્તાર વધીને ૪ એકર ૨૦ સેન્ટ થયો હતો.

સને ૧૯૯૫માં એક છાપરાવાળા શેડમાં નિયમિત સત્સંગ શરૂ થયો હતો. ત્યારબાદ, પાકું બાંધકામ બનાવેલું, જેને ખુલ્લો મુકવાની ઘોષણા માસ્ટરે ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના રોજ કરી હતી અને તેનું નામ "માસ્ટર્સ ચેમ્બર" આપેલું હતું. તેમણે "સાધના નિલાચમ" ધ્યાન ખંડનું ખાતમુર્હુત કર્યું. ૧૭મી નવેમ્બર, ૨૦૦૪ ના રોજ તેમણે ધ્યાન ખંડ (૧૦,૮૦૦ ચો.ફૂટ) ખુલ્લો મૂકવાની ઘોષણા કરી હતી. બધાની આંખોને ધ્યાનાકર્ષક કરે તેવો માસ્ટરનો એક સુંદર ફોટો સ્ટેજ ઉપર રાખવામાં આવેલ છે. આ હોલમા ૧૫૦૦ અભ્યાસીને સમાવી શકવાની ક્ષમતા છે.આ હોલનું બિલ્ડીંગ મટિરિચલ બાબુજી મેમોરીચલ આશ્રમની તોડી પાડેલ ડોરમેંટરીઝમાંથી માસ્ટરે ભેટ સ્વરૂપે આપેલ છે.

તદૂપરાંત, ડોરમેંટરીઝ, કેન્ટીન, રસોડુ, ડાઈનીંગ હોલ તેમજ બાળકોની પ્રવૃત્તિ અને ભણવા માટેની સગવડોનો પણ સમાવેશ કરવામા આવ્યો છે. બાળકોને માટે રમતનુ મેદાન અને જરૂરી સાધનો અને લાઈબ્રેરીની વ્યવસ્થા પણ સને ૨૦૦૯ માં કરવામા આવેલ હતી.

છેલ્લા ૬ વર્ષથી, અભ્યાસી ડોકટર્સ અને મેડીકલ સ્ટાફ, દર મહીના ના પહેલા રવિવારે એસએમએસએફની સહાયથી આસપાસના ગામના લોકો માટે ફ.?રી મેડીકલ કેમ્પનુ આયોજન કરે છે.

આ કેન્દ્રમાં રવિવારના સત્સંગમાં સને ૧૯૯૨માં સરેરાશ ૬૫ની હાજરીમાંથી આજે ૪૫૦ અભ્યાસીની હાજરી સુધી વૃદ્ધિ થયેલ છે. તેમની પહેલી મુલાકાત દરમિયાન, વેરાન જમીનને જોતા, પૂ.માસ્ટરે અભ્યાસીઓને ઉન્નત અવાજે સલાહ આપી હતી કે "આને હરિયાળી બનાવો". તેમની કૃપાદૃષ્ટિથી, આશ્રમ વિવિધ વૃક્ષોથી સુશોભીત છે, જે વાતાવરણને શીતલ, સ્વચ્છ અને પવિત્ર રાખે છે..







To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org
© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.